# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.,સેકટર-૨૧,ગાંધીનગર

"પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૮ "

**"ELEMENTARY INTERMEDIATE DRAWING GRADE EXAM-2018 "**

જાહેરનામું:-ક્રમાંક:રાપબો/ચિત્રકામ પરીક્ષા/૨૦૧૮/8598 - 8719 તારીખ:03/0૮/૨૦૧૮

ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ,ગાંધીનગરનાં તા.૧૭/૫/૧૯૯૩ ના ઠરાવ ક્રમાંક:ચિકપ/ ૧૦૯૨/૨૨૬૫/ગ-૧,અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ કચેરી દ્વારા લેવાનાર ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૮ નો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર તારીખ:૦૭/૦૮/૨૦૧૮ થી તા:૨૮/૦૮/૨૦૧૮ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | | તારીખ |
|---|---|---|---|
| ૧ | જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખ | | 03/0૮/૨૦૧૮ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | | ૦૭/૦૮/૨૦૧૮ થી ૨૮/૦૮/૨૦૧૮ |
| ૩ | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | | ૦૭/૦૮/૨૦૧૮ થી 30/0૮/૨૦૧૮ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલ આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | | ૧૦/૦૯/૨૦૧૮ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીએ આવેલ આવેદન પત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરી DPEO કચેરીમાં આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ એપ્રુવલ યાદી જમા કરાવવાની અંતિમ તારીખ | | ૨૪/૦૯/૨૦૧૮ |
| ૬ | DPEO કચેરીએ તાલુકા કક્ષાથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ એપ્રુવલ યાદી રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | | ૦૮/૧૦/૨૦૧૮ |
| ૭ | પરીક્ષા તારીખ | પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૦૭/૧૨/૨૦૧૮ |
| | | માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૦૮/૧૨/૨૦૧૮<br>૦૯/૧૨/૨૦૧૮ |

❖ ઉમેદવારની લાયકાત :-

- પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ધોરણ-૫ થી ૮ સુધીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ધોરણ-૮ પાસ અથવા પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો.

❖ પરીક્ષા ફી :-

- પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનીફી રૂ.૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા)
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે. કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

ફી સ્વીકાર કેન્દ્ર:-

- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઑફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગ પોસ્ટ ઑફીસ દ્વારા પરત આપવામાં આવશે.પોસ્ટ ઑફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઑફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.
- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD /NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે Print Application/Challan" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Paymentઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee" અથવા Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફી ની રકમ કપાયા બાદ ફી ની e-receipt જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

❖ પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૮ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૦૭/૧૨/૨૦૧૮ | શુક્રવાર | ૧૦.30થી ૧.00 | નેચર |
| પેપર -૨ | ૦૭/૧૨/૨૦૧૮ | શુક્રવાર | ૧.30 થી ૪.00 | ભાતચિત્ર |
| પેપર -3 | ૦૭/૧૨/૨૦૧૮ | શુક્રવાર | ૪.30 થી ૫.30 | ચિત્ર સંયોજન |

❖ માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૮ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૦૮/૧૨/૨૦૧૮ | શનિવાર | ૧૦.30થી ૧.30 | માનવસર્જિત પદાર્થ |
| પેપર -૨ | ૦૮/૧૨/૨૦૧૮ | શનિવાર | ૨.30 થી ૫.30 | ભાતચિત્ર |
| પેપર -3 | ૦૯/૧૨/૨૦૧૮ | રવિવાર | ૧૦.30થી ૧.30 | ચિત્ર સંયોજન |
| પેપર -૪ | ૦૯/૧૨/૨૦૧૮ | રવિવાર | ૨.30થી ૪.30 | અક્ષરલેખન |

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

- જે શાળામાં માત્ર પ્રાથમિક વિભાગ ચાલતો હોય તે શાળામાં આ બંન્ને પરીક્ષાના મળીને કુલ ૫૦ કે તે કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવશે.
- જે શાળામાં આ બંન્ને પરીક્ષાના મળીને કુલ ૧૦૦ કે તે કરતાં વધુ વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવશે.
- જે શાળામાં આ બંન્ને પરીક્ષાના મળીને ૫૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાના વિદ્યાર્થેઓને નજીકના પરીક્ષા કેન્દ્રમાં સમાવવાનું અથવા આવી શાળાઓ પૈકી ભૌગોલિક સ્થિતિ ધ્યાને લઇને તે શાળાઓ પૈકી કોઇ એક શાળા ખાતે પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવશે.
- પરીક્ષા કેન્દ્ર નક્કી કરવા બાબતે આખરી નિર્ણય રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રી કરશે.

❖ <u>પરીક્ષાના સંચાલન અંગે:-</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી હેઠળ બ્લોક અને કલસ્ટર કક્ષાએ સીસ્ટમ ગોઠવાયેલી હોય, આ પરીક્ષા માટે પરીક્ષા પહેલાની કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી હસ્તક રાખવાની રહેશે, જ્યારે પરીક્ષા સંચાલનની વ્યવસ્થા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હેઠળ રહેશે.

❖ <u>ઓનલાઇન અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર <u>તારીખ:૦૭/૦૮/૨૦૧૮ (બપોરના ૧૫.૦૦) થી તારીખ:૨૮/૦૮/૨૦૧૮ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)</u> દરમિયાન **<u>www.sebexam.org</u>** પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ <u>www.sebexam.org</u> પર જવું.
- 'Apply online ' ઉપરClick કરવું.
- <u>"ELEMENTARY DRAWING GRADE EXAM – 2018"</u> અથવા <u>"INTERMEDIATE DRAWING GRADE EXAM – 2018"</u> સામે Apply Now પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે.
- અહિં સૌપ્રથમ શાળાની વિગત ભરવાની રહેશે. આ માટે શાળાના ડાયસ કોડ નાખવાનો રહેશે. ડાયસ કોડના આધારે શાળાની વિગતો આપોઆપ Application માં આવી જશે.
- ત્યારબાદ શાળામાં આ પરીક્ષા આપવા માગતા વિદ્યાર્થીની વ્યક્તિગત માહિતી ભરવાની રહેશે.આ માટે વિદ્યાર્થીના યુનિક આઇડી નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.
- અહિં એક સાથે શાળાના વધુમાં વધુ ૧૫ વિદ્યાર્થીઓની માહિતી ભરી શકાશે.
- ચાલુ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરતાં રેગ્યુલર વિદ્યાર્થી સિવાય એક્સટર્નલ ઉમેદવાર તરીકે પણ આવેદનપત્ર ભરી શકાશે.
- હવે.Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં Application Number Generate થશે. જે સાચવીને રાખવાનો રહેશે.

- હવે Confirm Application પર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઓફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.

❖ **ખાનગી / બહારના ઉમેદવારો:-**

- જે ઉમેદવારો હાલ કોઇ શાળામાં અભ્યાસ કરતાં ન હોય અને આ પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોએ જાતે ઓનલાઇન આવેદનપત્ર ભરીને જરૂરી આધારો સાથે સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાઅધિકારીશ્રીની કચેરીમાં પોતાના આવેદનપત્રની હાર્ડકોપી તથા ફી ભર્યાની સ્લીપની નકલ જમા કરાવવાની રહેશે.

❖ **શાળાએ કરવાની કાર્યવાહી:-**

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળા દ્વારા ઓનલાઇન ભરાયેલા તમામ આવેદનપત્રોની પ્રિન્ટ ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજ્ય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે **તારીખ:૧૦/૦૯/૨૦૧૮** સુધીમાં સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ **તાલુકાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાર્યવાહી:**

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીએ આવેલ આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરી **તારીખ:૨૪/૦૯/૨૦૧૮** સુધીમાં DPEO કચેરીમાં આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ એપ્રુવલ યાદીની ફાઇલ જમા કરાવવાની રહેશે.
- ખાનગી ઉમેદવારોના આવેદનપત્રોની હાર્ડકોપીની ફાઇલ અલગ નિભાવવાની રહેશે.

❖ **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરીએ કરવાની કાર્યવાહી:**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તથા એપ્રુવલ યાદીની ફાઇલ **તારીખ:૦૮/૧૦/૨૦૧૮** સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ **જરૂરી આધારો / પ્રમાણપત્રો :**

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી) સાથે જોડવાનું રહેશે.

❖ **માર્ગદર્શક સૂચનાઓ ::**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી શાળાઓમાં આ જાહેરનામાની નકલ તારીખ:૦૭/૦૮/૨૦૧૮ સુધીમાં ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ન મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

❖ **અગત્યની સૂચનાઓ ::**

- **વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.**
- **અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**
- **જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ થયા અંગેની પ્રેસનોટ આપી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**

(પી.એ.જલુ)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ:- ગાંધીનગર
તારીખ:૦૩/૦૮/૨૦૧૮

➢ **નકલ રવાના અમલાર્થે**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  (જિલ્લાના તમામ શિક્ષણાધિકારીશ્રીઓને જાણ કરવા સારૂ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  (જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ)
- શાસનાધિકારીશ્રી, તમામ
  (આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ)

- પ્રમુખશ્રી, કલા શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

➢ <u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

- માન.શિક્ષણમંત્રીશ્રીનાઅંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.

ક્રમાંક / મા.શિ.જ / ૪૫૨૪૨-૪૫૭૪૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૬-૦૯-૨૦૧૯

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/માધ્યમિક.ઉ.મા/નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ, બ.કાં